ક્રિમીનલ ઈન્ક.નં.૧/૨૦૨૬

**-:: આંક-૧ હેઠળ હુકમ ::-**

(૧) ફરીયાદીની ફરીયાદ તથા દસ્તાવેજી પુરાવા લીસ્ટ તથા સરતપાસનું સોગંદનામુ વંચાણે લીધુ. આ કામે આરોપી કોર્ટની હકુમત બહાર રહેતા હોય તેથી સદર ફરીયાદ વેરીફીકેશન માટે ઈન્કવાયરીમાં રાખવામાં આવેલ હતી. ત્યારબાદ ઈન્કવાયરીના કામે ફરીયાદીનું વેરીફીકેશન લેવામાં આવેલ અને ફરીયાદી ની ફરીયાદ તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવા, ફરીયાદીનું સરતપાસનું સોગંદનામુ વિગેરે ધ્યાને લેતા ફરીયાદીએ તેમની ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ હોવાનું જણાય આવે છે. તેમજ ફરીયાદ સાથે તમામ અસલ દસ્તાવેજો પણ રજુ કરેલ છે.

(૨) નામ. સુપ્રિમ કોર્ટ રીટ પીટીશન સીવીલ નં.૧૮/૨૦૧૩, ઈન્ડીયન બેંક એસોસીયેશન અને અન્ય વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયાના કામે તા.૨૪/૦૪/૨૦૧૪ ના રોજ કરેલ હુકમ મુજબ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકની ફરીયાદ સત્વરે નિકાલ લાવવા માટે આ રીટ પીટીશનમાં ડાયરેકશન આપેલ છે. તે ડાયરેકશન મુજબ ફરીયાદી પોતાની ફરીયાદ સાથે એફીડેવીટ અને અસલ દસ્તાવેજો રજુ કરે અને તે કોગ્નીઝન્સ લેવા માટે પુરતા હોય તો આરોપી સામે સીધાજ પ્રોસેસ ઈસ્યુ કરવા જોઈએ. તે ડાયરેકશન ધ્યાને લેતા ફરીયાદીએ પોતાની ફરીયાદ સાથે એફીડેવીટ અને અશલ દસ્તાવેજો રજુ કરેલ છે. જે બરાબર અને યોગ્ય છે. તેમજ ફરીયાદીનું ઈન્કવાયરીના કામે વેરીફીકેશન લેવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં ફરીયાદી એ તેમની ફરીયાદને સમર્થન કારક અને ફરીયાદ ને અનુરુપ હકીકતો જણાવેલ છે. જે ધ્યાને લેતાં ફરીયાદીની ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ હોવાનું જણાય આવે છે. આમ, ફરીયાદીનું વેરીફીકેશન તથા ફરીયાદી તર્ફે તેમની ફરીયાદ સાથે રજુ કરવામાં આવેલ અસલ દસ્તાવેજો તથા ફરીયાદીનું સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે. જે આરોપી સામે કોગ્નીઝન્સ લેવા માટે પુરતા છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

ફરીયાદીની ફરીયાદ રજીસ્ટરે લઈ ક્રિમીનલ કેસ નંબર આપવો. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાં ૨૦૨૩ ની કલમ ૨૨૭ મુજબ આરોપી સામે ધી નેગોશીએબલ ઇન્સટુમેન્ટ એકટ ની કલમ - ૧૩૮ ના ગુનાના કામે સમન્સ ટ્યેબલ કેસ ચલાવવા માટે આરોપી વિરુધ્ધ પ્રોસેસ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીને તા.૦૨/૦૫/૨૦૨૬ ના રોજ જામીનદાર સાથે હાજર રહેવા સમન્સ કરવો.

હુકમ આજરોજ તા.૦૨ જી એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૪/૨૦૨૬

લીમખેડા.

(એમ.યુ.કુરમાની)

એડી.ચીફ.જયુડી.મેજી.લીમખેડા

Code no.GJ01012